સાબરકાંઠામાં સસ્તા અનાજની દુકાનોમાં

ટેમ્પો જથ્થો લઈ પહોંચે તે પહેલા રસ્તામાં અનાજની ચોરી

સાબરકાંઠા-અરવલ્લી જીલ્લામાં પુરવઠાતંત્રના અધિકારીઓ અને કર્મચારીઓની રહેમ નજર હેઠળ સસ્તા અનાજના સંચાલકો ગરીબોની થાળીમાં પહોંચનાર અનાજ અને રાશનનું બારોબારીયું કરી ખિસ્સા ભરી ગરીબોને ભોજનથી વંચિત રાખવાનું સુનિયોજિત કૌભાંડ વર્ષોથી ચાલી રહ્યું છે. સાબરકાંઠા જીલ્લામાં પુરવઠાતંત્રના ગોડાઉનમાંથી ટેમ્પો મારફતે સસ્તા અનાજની દુકાનોમાં પહોંચાડવાના જથ્થામાંથી બારોબાર અનાજની ચોરી થતી હોવાનો કૌભાંડનો જાગૃત નાગરિકોએ પર્દાફાશ કરતા ચકચાર મચી છે. ટેમ્પોમાં રહેલા સસ્તા અનાજના કોથળામાંથી પીવીસી પાઈપથી કાઢતા ઝડપી પડતા જવાબતંત્ર બચાવની મુદ્રામાં આવી ગયું હતું.

સાબરકાંઠા જીલ્લામાં પુરવઠા વિભાગની રહેમ તળે સસ્તા અનાજની દુકાનોમાં મોકલવામાં આવતું અનાજ બે-નંબરમાં ફ્લોર મિલોમાં પગ કરી જાય છે. ત્યારે હિંમતનગરમાં

આવી જ રીતે ચાલુ ગાડીએ અનાજની ચોરી થતી હોવાનું બહાર આવ્યું છે. સાબરકાંઠા પુરવઠા તંત્રના ગોડાઉનમાંથી અનાજનો જથ્થો ભરી નીકળેલા ટેમ્પાના હિંમતનગર-ગાંભોઇ રોડ પર પીવીસી પાઈપ કોથળામાં ઘુસાડી સસ્તા અનાજની બોરીમાંથી જેવી રીતે નળમાંથી પાણીની ધારા શરુ થાય એ જ રીતે અનાજનાં કોથળાને નુકશાન પહોચાડ્યા વગર અંદરથી ઘઉં કાઢી લેવામાં આવે છે.

ગાડીમાં બેસેલા માણસો ૫૦ કિલોના એક-એક કોથળામાંથી ૫ થી ૭ કિલો અનાજ કાઢી અન્ય વાહન મારફતે બારોબારીયું કરી ઓછા અનાજના કોથળા પંડિત દિન દયાળ સસ્તા અનાજની દુકાનોમાં પહોંચી જાય છે. દુકાનદારો પણ ગોડાઉનમાંથી આવેલ માલ ચેક કરતા નથી હોતા કેટલાક દુકાનદરો તો આખેઆખી બોરીનું જ બારોબારીયું કરી નાખતા હોવાથી તેરી ભી ચૂપ અને મેરી ભી ચૂપ નીતિ અખત્યાર કરતા હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી.

હિંમતનગર-ગાંભોઇ હાઈવે પર ટેમ્પામાં ભરેલા સસ્તા-અનાજના જથ્થામાંથી અનાજ કાઢી લેવાના કૌભાંડનો જાગૃત નાગરિકોએ પર્દાફાશ કરી કલેકટરને જાણ કરતા ટેમ્પોમાં ભરેલ અનાજના કોથળાનું વજન કરાવતા મોટા પ્રમાણમાં અનાજ ઓછું હોવાનું બહાર આવ્યું હતું.

સાબરકાંઠા જીલ્લામાં અનાજનો આ કાળો કારોબાર જુનો નથી. ગરીબોના હક્કના અનાજનું બારોબારીયું થઇ જાય છે અને પુરવઠા વિભાગના અધિકારીઓ-કર્મચારીઓ આવા લોકોની ઢાલ બનીને તેમના બચાવ માટે હરહંમેશ ખડે પગે રહે છે અને એટલે જ પોતાની જગ્યા ઉપર આ કર્મચારીઓ ૫-૫ વર્ષથી ચીટકેલા હોવા છતાં તેમની બદલી આજદિન સુધી કોઈ કરાવી શક્યું નથી.

અરવલ્લી જિલ્લાના પીએસઆઈની જિલ્લા બહાર

વૈભવી પ્રેમી-પંખીડા પાસેથી ૧૦ થી ૧૫ લાખનો તોડ કર્યાની ચર્ચાથી પોલીસ બેડામાં ભૂકંપ

મોડાસા, તા. ૧૦

દારૂની બદીથી ખદબતા અરવલ્લી જીલ્લામાં પોલીસવડા મયુર પાટીલે શખ્ત કાર્યવાહીના આદેશના પગલે દારૂ-જુગારની બદી અટકાવવામાં થોડાગણા અંશે સફળ રહ્યા છે. અરવલ્લી જીલ્લામાં બુટલેગરોના અડ્ડા બંધ થવાની સાથે જુગારધામ સહીતની અસામાજિક પ્રવૃતિઓ પર પડદો પડતા હમા રાજ બંધ થતા કેટલાક અધિકારીઓને ઉપરની આવક બંધ થતા રઘવાયા બન્યા છે. ત્યારે અરવલ્લી જીલ્લા પોલીસતંત્રમાં એક સ્પેશિયલ શાખામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેક્ટરે દહેગામ-ચિલોડા હાઈવે પર પ્રેમમાં મશગુલ બનેલા પ્રેમી પંખીડા પાસેથી પોલીસ અધિકારીનો રૂઆબ છાંટી ૧૦ થી ૧૫ લાખનો તોડ કર્યાની ચર્ચાએ પોલીસ બેડામાં ચકચાર જગાવી છે પીએસઈની તોડ પાણીમાં પણ હિંમત જોવા જેવી છે. ભોગ બનેલ વ્યક્તિ પાસે ચેક લઈ લીધા હતા તોડ પેટે જે છેલ્લે તેને જ ભારે પડ્યું હોવાની ચર્ચા પોલીસબેડામાં જાગી છે.

અરવલ્લી જીલ્લા પોલીસવડા મયુર પાટીલે આ અંગે જણાવ્યું હતું કે અરવલ્લી જીલ્લામાં ફરજ બજાવતા પીએસઆઈએ અન્ય જીલ્લા બહાર જઈને તોડ કર્યો હોય તેવી કોઈ ઘટના બની નથી અને તેમના ધ્યાને પણ નથી આવ્યું આવી કોઈ ઘટના બની હશે અને ઘટનાનો ભોગ બનનાર વ્યક્તિ કે અન્ય કોઈપણ પ્રકારની આ અંગેની ફરિયાદ મળશે તો ચોક્કસ તપાસ કરી યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.

બીજુબાજુ આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર તોડબાજી કરનાર પીએસઆઈને અને ભોગ બનનાર માલેતુજાર સાથે જિલ્લાપોલીસ તંત્રની એક શાખામાં લઈ આવી સમાધાનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

અરવલ્લી જીલ્લા પોલીસતંત્રમાં પોલીસવડા કચેરીની એક શાખામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેક્ટર થોડા દિવસ અગાઉ એક માલેતુજાર પરિવારના નબીરા કે વેપારીને તેની પ્રેમિકા સાથે દહેગામ-ચિલોડા રોડ પરથી ઝડપી પાડી કે પછી હનીટ્રેપનો ભોગ બનેલ વેપારી પીએસઆઈની ચુંગાલમાં ફસાતા હંમેશા તોડ-પાણીની ટેવ પડેલી હોવાથી રોકડા રૂપિયા ખંખેરી લીધા પછી રકમ મોટી હોવાથી રોકડા રૂપિયા ભોગ બનનાર વ્યક્તિ ન આપી શકતા લાલચુ પીએસઆઈએ ચેક લઈ લીધા હતા અને જવા દીધો હતો. તોડપાણીનો ભોગ બનેલા વ્યકિતએ પીએસઆઈને સબક શીખવાડવા પોલીસતંત્રનો સહારો લેતા લાંચીયો પીએસઆઈ ગભરાઈ ગયો હતો અને લૂંટ પ્રકરણ વાગતું વાગતું અરવલ્લી જીલ્લા પોલીસતંત્રના દ્વારે દસ્તક દેતા પીએસઆઈની કાળી કરતુત બહાર આવતા શુક્રવારે દિવસભર ચર્ચા પોલીસતંત્રમાં ચાલી હતી.

સમગ્ર ઘટના અંગે જીલ્લા પોલીસતંત્રમાં ફરજ બજાવતા કર્મચારીઓમાં ગણગણાટ હતો પરંતુ જીલ્લા પોલીસવડા મયુર પાટીલ અને જીલ્લા એલસીબી પીએસઆઈ સીસોદીયા અજાણ હોવાનું રટણ કરતા અનેક તર્ક-વિતર્ક સર્જાયા હતા.

નિઝામપુરા પાસે બાઈક અને કાર વચ્ચે સર્જાયો અકસ્માત

વડગામ, તા. ૧૦

વડગામ તાલુકાના નિઝામપુરા ગામમાં એક મહિલાને સાપે ડંસ

મારતાંઆ મહિલાને પોતાના પુત્ર દ્વારા બાઈક ઉપર સારવાર અર્થે વડગામ આવી રહ્યો હતો તે સમયે બાઈક અને કાર વચ્ચે વડગામ નજીક અકસ્માત સર્જાવા પામ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર વડગામ તાલુકાના નિઝામપુરા ગામમાં રહેતા રમીલાબેન ઈશ્વરભાઈ રાવળ ઉ.વર્ષ.૫૫ ને બપોરના રોજ સાપે ડંસ મારતાં પોતાના પુત્ર સંજયભાઈ ઈશ્વરભાઈ રાવળ દ્વારા બાઈક ઉપર જ તાબડતોબ સારવાર અર્થે વડગામ આવી રહ્યો હતો તે સમયે જ વડગામ નજીક આવેલા વળાંકમાં વડગામ તરફથી આવી રહેલી કાર ધડાકાભેર અથડાતાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં સંજયભાઈ ઈશ્વરભાઈ રાવળ ઉ.વર્ષ ૨૫ તેમજ રમીલાબેન ઈશ્વરભાઈ રાવળ અને અન્ય એક ઈસમને ઈજાઓ થવા પામી હતી. આ અંગેની જાણ ૧૦૮વાને કરાતા વાનના પાયલોટ તથા ઈએમટી ઘટનાસ્થળે પહોંચીને ઈજા ગ્રસ્તોને વડગામ સી.એચ.સી.મા સારવાર અર્થે લવાયા હતા જ્યાં ફરજ પરના તબીબ ડૉ. અનીલ ડાભી દ્વારા સારવાર આપ્યા બાદ વધુ સારવાર અર્થે પાલનપુર ખસેડવામાં આવ્યા હતા. આ ત્રણેય જણને પાલનપુર ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવાયા હોવાનું જાણવા મળ્યું છે. બાઈક અને કાર ધડાકાભેર અથડાતાં આસપાસ માંથી લોકો દોડી આવ્યા હતા કાર બાઈક સાથે અથડાયા બાદ પલ્ટી મારી ગઈ હતી અને આગળના ભાગે નુકશાન થયું હતું કાર હેર બેગ ખુલી જતાં કાર ચાલકનો બચાવ થયો હતો. ચાલક ઘટનાસ્થળેથી નાસી છૂટયો હતો.

અરવલ્લી જિલ્લા વહીવટીતંત્ર હવામાન વિભાગની વાવાઝોડાની આગાહીના પગલે સજ્જ

મોડાસા માર્કેટયાર્ડે ખેડૂતો અને વેપારીઓ તકેદારીના ભાગરૂપે ખાસ સરક્યુલર બહાર પાડ્યો

મોડાસા, તા. ૧૦

હવામાન વિભાગ દ્વારા ગુજરાત અને રાજસ્થાનમાં શુક્રવારથી રવિવારના દિવસ સુધી વાવાઝોડાની આગાહી કરવામાં આવી છે. આગાહી મુજબ પવનની ગતિ ૩૦થી ૪૦ કિલોમીટરની

પ્રતિકલાક ઝડપ રહેવાની શકયતા છે. જેની અસર અમરેલી, સાબરકાંઠા, અરવલ્લી, સૂરેન્દ્રનગર, રાજકોટ, કચ્છ, પાટણ અને બનાસકાંઠામાં જોવા મળી શકે છે. હવામાન વિભાગની આગાહીના પગલે અરવલ્લી જીલ્લા વહીવટીતંત્ર સજ્જ બન્યું છે અને કુદરતી હોનારત સામે ઓછામાં ઓછું નુકશાન થાય તેની તકેદારીના ભાગરૂપે જીલ્લા કલેક્ટર એમ.નાગરાજન સતત નજર રાખી રહ્યા છે.

અરવલ્લી જીલ્લામાં હવામાન વિભાગની આગાહીના પગલે ખેડૂતો અને લગ્નપ્રસંગ પરિવારોમાં ચિંતામાં જોવા મળી રહ્યા છે. ખેતરમાં ઉનાળુ પાકનું વાવેતર કરનાર ખેડૂતોમાં પાકમાં ભારે નુકસાની અને ખેતરમાં ઉભા પાકમાં રોગ આવી જવાની શકયતા ઉભી થવાની સાથે ખેતરોમાં ખેત પેદાશોનો ઢગલો કરી રાખનાર ખેડૂતોના જીવ અધ્ધર થઈ ગયા છે.

મોડાસા માર્કેટયાર્ડ હવામાન વિભાગની વાવાઝોડા અને માવઠા સહિતની આગાહીના પગલે તકેદારીના ભાગરૂપે ખેડૂતો અને વેપારીઓને માલ-મિલકતની તકેદારી રાખવા સર્ક્યુલેશન બહાર પાડવામાં આવ્યો છે અને વેપારીઓ અને ખેડૂતોને માર્કેટયાર્ડ દ્વારા તકેદારી રાખવા સૂચના આપી છે.

અરવલ્લી જીલ્લા પોલીસવડાએ એક પીઆઈ અને બે પીએસઆઈની બદલી કર્યા થોડાક કલાકોમાં બદલીનો હુકમ રદ

મોડાસા, તા. ૧૦

અરવલ્લી જીલ્લા પોલીસવડા મયુર પાટીલે ચાર્જ સંભાળતાની સાથે જીલ્લાના વિવિધ શહેરી અને ગ્રામ્યવિસ્તારના પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ બદલીનો ગંજીપો છિપાવાનું ચાલુ કર્યું છે. હજુ પણ યથાવત રહેતા મેઘરજ સ્ટેટ વિજિલન્સના દરોડા પછી વધુ એકવાર એક પીઆઈ અને બે પીએસઆઈની શુક્રવારે સવારે બદલીનો હુકમ કર્યા પછી તેના થોડાક જ કલાકોમાં ત્રણે હુકમ રદ કરતા પોલીસબેડામાં આશ્ચર્ય સર્જાયું હતું અને વારંવાર કરાતી બદલીઓ સામે અનેક પ્રશ્નાર્થ પેદા થયા છે.

અરવલ્લી જીલ્લા પોલીસવડા મયુર પાટીલ દ્વારા ૨૦૧૯ લોકસભાની આદર્શ આચારસંહિતા લાગુ છે ત્યારે જીલ્લા કલેક્ટર અને જીલ્લા ચૂંટણી અધિકારીની મંજૂરી લઈ શુક્રવારે સવારે ઈસરી પોલીસસ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર વી.એન. પટેલીયાની બદલીનો હુકમ એલ.આઈ.બી શાખામાં અને બાયડ સેકન્ડ પોલીસ સબ ઈન્સ્પેક્ટર પી.ડી. રાઠોડની બદલી મેઘરજ પોલીસ સ્ટેશનમાં અને પીએસઆઈ કે.ડી. બ્રહ્મભટ્ટ લી.રી. કંટ્રોલ રૂમ એટેચ એલ.આઈ.બી શાખામાંથી ઈસરી પોલીસ સ્ટેશનમાં બદલી કરવામાં આવ્યાના થોડાક જ કલાકોમાં અગમ્ય કારણોસર ત્રણેય બદલીના હુકમ મોકૂફ રાખતા આશ્ચર્ય સર્જાયું હતું.

ત્રણેય પોલીસ અધિકારીઓના બદલીના હુકમના



ક્રમાંક:-વહટ/સીબી-૧/પો.ઇન્સ-પો.ઇ./બદલ/૩૧૭૫ /૧૯
પોલીસ અધિક્ષકની કચેરી,અરવલ્લી-
મોડાસા, તા. ૮/૦૫/૨૦૧૯.

વંચાણે લીધા:-(૧) સામાન્ય વહિવટ વિભાગ(ચૂંટણી પ્રભાગ)પરિપત્રક્રમાંક:-ઇએલસી/૧૦૨૦૧૯/૬૩/૭/(MCC), સચિવાલય,ગાંધીનગર,તા.૧૦/૦૩/૨૦૧૯
(૨) જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી,અરવલ્લી-મોડાસા નાઓના પત્રક્રમાંક:-ઇએલસી/ લોસાચું/આચાર સંહિતા/વશી/૫/૨૦૧૯,તા.૦૬/૦૫/૨૦૧૯

કચેરી હુકમ:-
વંચાણે લીધેલ આમુખ-૧ ના સામાન્ય વહિવટ વિભાગના પરિપત્ર અન્વયે લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૯ અન્વયે અને હાલમાં ચૂંટણી પ્રક્રિયા ચાલુમાં હોય આદર્શ આચાર સંહિતા અમલમાં હોઇ આમુખ-૨ ના પત્રથી જીલ્લા કલેકટર અને ચૂંટણી અધિકારીશ્રી,અરવલ્લી-મોડાસા નાઓની અત્રેથી જરૂરી મંજૂરી માંગતા અને તેઓશ્રી તરફથી જરૂરી મંજૂરી આપતા અત્રેના જિલ્લામાં ફરજ બજાવતાં નીચે જણાવેલ પોલીસ અધિકારીશ્રીઓની તેમના નામ સામે જણાવેલ પો.સ્ટે/શાખા/કચેરી ખાતે વહીવટી કારણોસર કાયદો અને વ્યવસ્થાના ભાગરૂપે જાહેરહિતમાં તાત્કાલિક અસરથી બદલી કરવા આથી હુકમ કરવામાં આવે છે.

ક્રમ	અધિકારીનું નામ	હાલની ફરજનું સ્થળ	બદલીનું સ્થળ	રીમાર્કસ
૧	શ્રી.પી.ડી.રાઠોડ, બિ.હ.પો.સ.ઇ.	સે.પો.સ.ઇ.બાયડ પો.સ્ટે.	મેઘરજ પો.સ્ટે.	-
૨	શ્રી.વી.એન.પટેલીયા બિ.હ.પો.ઇન્સ.	ઇસરી પો.સ્ટે.	એલ.આઇ.બી.શાખા	શ્રી.આર.એસ.તાવિયાડ,પો.ઇન્સ એલ.સી.બી.નાઓને એલ.આઇ.બી.શાખાના વધારાના ચાર્જમાંથી મુકત કરવામાં આવે છે.
૩	શ્રી.કે.ડી.બ્રહ્મભટ્ટ, બિ.હ.પો.સ.ઇ.	લી.રી.કંટ્રોલરૂમ એટેચ એલ.આઇ.બી.શાખા	ઇસરી પો.સ્ટે.	-

ઉપરોક્ત બદલી કરેલ પો.ઇન્સ/પો.સ.ઇ.શ્રીનાઓ .એ ઉકત મુજબની બદલીવાળી જગ્યાએ આજે જ છુટા થઇ છુટા/હાજર થયા અંગેનો રીપોર્ટ અત્રેની કચેરીને કોઇપણ પ્રકારની રજા ભોગવ્યા સિવાય હાજર થઇ ઉલટથી જ મોકલવાનો રહેશે.

(મયૂર પાટીલ)
પોલીસ અધિક્ષક
અરવલ્લી-મોડાસા

પ્રતિ,
ઉકત સંબધિત તમામ પોલીસ અધિકારીશ્રીઓ તરફ
નકલ રવાના:- તમામ ના.પો.અધિ.શ્રી./તમામ સી.પી.આઇ.શ્રી./તમામ થાણા ઇન્ચાર્જશ્રી/ખાસશાખા/એલ.આઇ.બી/LCB/ શાખા/ડીડર શાખા/હિસાબી શાખા/ડીપી શાખા/સીબી-૨,૫,૬,વહીવટી શાખા/ડીપીશાખા/રી.પો.સ. ઇ.શ્રી.પો.હેડ.કવા.મોડાસા/ઇન્ચાર્જશ્રી કંટ્રોલરૂમ,અરવલ્લી-મોડાસા.
સવિનય નકલ રવાના:-(૧) પોલીસ મહાનિરીક્ષકશ્રી,ગાંધીનગર વિભાગ,ગાંધીનગર.
(૨) જીલ્લા કલેકટર અને ચૂંટણી અધિકારીશ્રી,અરવલ્લી-મોડાસા.

ગણતરીના કલાકોમાં વહીવટી કારણોસર કાયદો અને વ્યવસ્થાના ભાગરૂપે જાહેરહિતમાં તાત્કાલિક અસરથી કુલ-૩ પોલીસ અધિકારીઓની બદલી અંગેનો સંપૂર્ણ હુકમ આથી "રદ" કરવાનો પરિપત્ર જીલ્લા પોલીસવડા મયુર પાટીલે કરતા પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ પણ પોલીસવડાના નિર્ણયથી અચંબિત બન્યા હતા.

ગઢમાં ધો.૧૦ના પરીક્ષા કેન્દ્રમાં બિનઅધિકૃત પ્રવેશ અંગે ફરિયાદ

કલેકટરના જાહેરનામાના ભંગ બદલ બિનઅધિકૃત પ્રવેશ કરનાર શખ્સ અને સુપરવાઈઝર સામે ફરિયાદ. પાલનપુર તાલુકાના ગઢ ગામ ખાતે માર્ચ મહિનામાં લેવાયેલી ધો.૧૦ એસ.એસ.સી બોર્ડની પરીક્ષા દરમિયાન પરીક્ષા કેન્દ્રમાં બીનઅધિકૃત પ્રવેશ કરનાર શખ્સ અને તેને પ્રવેશ કરતા ન રોકનાર સુપરવાઈઝર વિરુધ્ધ કલેકટરના જાહેરનામાના ભંગ બદલ શાળાના મદદનીશ શિક્ષકે ગઢ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

ગુજરાત રાજ્યના માંધ્યમિક બોર્ડ દ્વારા માર્ચ મહિના માં લેવાયેલી ધો.૧૦ ની પરીક્ષામાં ગઢ ગામની ન.લ.ઝવેરી સાર્વજનિક હાઈસ્કૂલમાં માં યુનિટ ૧ માં બ્લોક ૧થી૧૫ માં સી.સી.ટીવી કેમેરાની બાજ નજર હેઠળ પરીક્ષા લેવાઈ હતી. દરમિયાન, ગત તા.૯-૦૩-૨૦૧૯ ના સવારે ૧૦-૩૦ થી ૧-૩૦ વાગે વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયના પેપરમાં શૈલેશ કુમાર કાલુસિંહ દરબાર નામનો વ્યક્તિ પરીક્ષા કેન્દ્રના બ્લોકમાં બીનઅધિકૃત પ્રવેશ કર્યો હતો.

જોકે પરીક્ષા કેન્દ્ર પર હાજર સુપર વાઈઝર પૂનમબેન રઘાભાઈ ગોઠીએ પોતાની ફરજ હોવા છતાં પણ આ બીનઅધિકૃત વ્યક્તિને રોકેલ ન હોઈ આ વ્યક્તિનો પરીક્ષા કેન્દ્રમાં બિન અધિકૃત પ્રવેશ સીસી કેમેરામાં કેદ થયો હતો. આ અંગે જીલ્લા શિક્ષણ અધિકારી દ્વારા કાર્યવાહી કરવાનો આદેશ કરવામા આવતા શાળાના મદદનીશ શિક્ષક લક્ષીચંદ કાળીદાસ પટેલે ધો.૧૦ની ચાલુ પરીક્ષાએ બ્લોક માં બીનઅધિકૃત પ્રવેશ કરનાર ગઢના શૈલેષ કુમાર કાલુસિંહ દરબાર અને સુપરવાઈઝર પૂનમબેન ગોઠી વિરુધ્ધ ગઢ પોલીસ મથકે કલેકટરના જાહેર નામાનો ભંગ કરવા બદલ ફરિયાદ નોંધાવતા પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ભિલોડા ભારત વિકાસ પરીષદ શાખા પ્રમુખનો શપથવિધિ સમારોહ યોજાશે

ભિલોડા ભારત વિકાસ પરીષદ શાખાના નવનિયુક્ત પ્રમુખ અને હોદ્દેદારોનો શપથવિધિ સમારોહ શ્રી રામ કુમાર છાત્રાલયના હોલમાં તા.૧૫/૫/૨૦૧૯ ને બુધવારના રોજ બપોરે ૩:૦૦ વાગ્યે યોજાશે તેમ જણાવ્યું હતું.ભારત વિકાસ પરીષદ ભિલોડા શાખા પ્રમુખ જગદીશભાઈ પટેલ જણાવ્યું હતું કે ભારત વિકાસ પરીષદ ભિલોડા શાખાના નવનિયુક્ત પ્રમુખ મુકેશભાઈ બી.પંચાલ અને હોદ્દેદારોનો શપથવિધિ સમારોહ પ્રસંગે મુખ્ય મહેમાન અશોકભાઈ કુલકર્ણી નેશનલ પ્રોજેક્ટ મેમ્બર (ભારત કો જાનો),આશીર્વચન પરમ પુજય સંત શિરોમણી શ્યામસુંદર દાસ મહારાજ,ભોલેશ્વર આશ્રમ,વસાઈ,તા.ઈડર, અતિથિ વિશેષ પ્રકાશભાઈ કસવાલા મહામંત્રી ગુજરાત મધ્ય,નીલાબેન મડીયા ઉપપ્રમુખ અરવલ્લી જીલ્લા ભાજપ સંગઠન, ડૉ.કે.ડી.પટેલ,ડૉ.લવજીભાઈ એન.પટેલ પુર્વ આચાર્ય બી.એડ્.કોલેજ,મોડાસા સહિત રાજકીય,સામાજીક આગેવાનોની ઉપસ્થિતીમાં ભારત વિકાસ પરીષદ ભિલોડા શાખાના નવનિયુક્ત પ્રમુખ અને હોદ્દેદારોનો શપથ સમારોહ યોજાશે.

અમદાવાદ જિલ્લામાં પીવાના પાણીની સ્થિતિ સંતોષકારક છે

અમદાવાદ, તા. ૧૦

અમદાવાદ જિલ્લા પ્રભારી સચિવ સુનયના તોમરે જણાવ્યું છે કે, અમદાવાદ જિલ્લામાં પીવાના પાણીની સ્થિતિ સંતોષકારક છે અને તમામ વિસ્તારોમાં જરૂરિયાત મુજબનું નર્મદા આધારિત યોજનાનું પાણી મળી રહે છે.

અમદાવાદ જિલ્લાના અધિકારીઓ સાથેની સમીક્ષા બેઠક બાદ માહિતી આપતા જણાવ્યું હતું કે, અત્યારે અમદાવાદ જિલ્લાના એકપણ ગામમાં ટેન્કરથી પાણી પૂરું પાડવાની જરૂરિયાત જણાઈ નથી પરંતુ ધંધુકા તાલુકાના અસરગ્રસ્ત એવા રંગપુર અને સાલસરમાં હાલમાં પૂરતું પાણી ઉપલબ્ધ છે અને મે માસના અંત પછી જરૂર પડશે તો ટેન્કરથી પાણી પૂરું પાડવામાં આવશે.

તેમણે જણાવ્યું કે જિલ્લાના નાગરિકોને પીવાના પાણીની કોઈપણ જરૂરિયાત ને પહોંચી વળવા તાલુકાના પ્રાંત અધિકારીઓને સત્તા આપવામાં આવી છે. એટલું જ નહિ ટેન્કર દ્વારા પાણી પૂરું પાડવાનું થાય તો તેના માટેના ભાવ પણ નિયત કરવામાં આવ્યા છે.

પ્રભારી સચિવએ વધુમાં જણાવ્યું કે, અમદાવાદ જિલ્લામાં જળ અભિયાન અંતર્ગત ૪૫૩ કામોનું આયોજન કરવામાં આવ્યું છે, જે પૈકી ૩૯ કામો પૂર્ણ કરવામાં આવ્યા છે, ૧૬૭ કામો પ્રગતિમાં છે અને ૨૪૫ કામો શરૂ થવા જઈ રહ્યા છે તેમજ આ તમામ કામો જનભાગીદારીથી કરવામાં આવી રહ્યા છે.

જિલ્લામાં પશુઓ માટેના ઘાસચારાની પૂરક વિગતો આપતા જિલ્લા કલેકટર ડૉ. વિક્રાંત પાંડેએ જણાવ્યું હતું કે, જિલ્લામાં ૬ જેટલા ઘાસ ડેપો છે જેમાંથી અત્યાર સુધી ૭૪૪ લાખ મે.ટન ઘાસનું વિતરણ કરવામાં આવ્યું છે. આ ઘાસ ડેપો પરથી પશુ દીઠ રોજનું ૨૦ કિલો ઘાસ પૂરું પાડવામાં આવી રહ્યું છે તેમજ પાંચ પશુ દીઠ સાત દિવસનું ઘાસ એક સાથે આપવામાં આવી રહ્યું છે.

હિંમતનગર સહિત સાબરકાંઠામાં 4G સેવાનો પ્રારંભ

હિંમતનગર, તા. ૧૦

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ભારત સંચાર નિગમની મોબાઈલ સેવા મેળવતા લોકોની સંખ્યા અંદાજે ૨.૫૦ લાખથી વધુની થવા જાય છે. ત્યારે કેટલાક વિસ્તારોમાં કવરેજ તથા નેટવર્કની મુશ્કેલીઓને લીધે લોકો અન્ય કંપનીની સેવાઓ લેવા પ્રેરાય છે. ત્યારે ગુરૂવારે ભારત સંચાર નિગમ દ્વારા હિંમતનગર સહિત સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ૪૯ સેવાનો પ્રારંભ કરાયો છે. જેના લીધે મોબાઈલ ધારકોને ફાયદો થશે.

ખેડબ્રહ્મા, વિજયનગર અને પોશીના તથા અરવલ્લીના મોડાસા, બાયડ, ધનસુરા અને માલપુર, મેઘરજ તથા ભિલોડા પંથકમાં મળી અત્યારે ભારત સંચાર નિગમની સેવા લેવા માટે અંદાજે ૩.૫૦ લાખ ગ્રાહકો છે તે પૈકી ૨.૫૦ લાખ ગ્રાહકો રોજબરોજ ભારત સંચાર નિગમની 2G અને 3G સેવાનો લાભ મેળવતા હતા.

ચાંપલાનારની મહિલાને દહેજ લાવવા દબાણ કરાતા છ વિરૂદ્ધ ફરીયાદ

ખેડબ્રહ્માની ચાંપલપુર વસાહતમાં રહેતી એક મહીલાને તેણીના સાસરીયા દ્વારા ફોરવ્હીલર લાવવા માટે પિયરમાંથી રૂ. ૫ લાખ લઈ આવવા માટે તેણીના પતિને ચઢામણી કરી શારિરીક અને માનસીક ત્રાસ આપી સાસરીમાંથી કાઢી મુકતા આ મહીલાએ છ સાસરીયા વિરૂદ્ધ બુધવારે હિંમતનગર મહીલા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

આ અંગે દક્ષાબેન કીર્તિકુમાર તુરીએ નોંધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ તેણીના લગ્નના બારેક વર્ષ બાદ ખેડબ્રહ્માના નવાચાંપલપુર વસાહતમાં રહેતા તેણીના પતિ કીર્તિકુમાર, સસરા પુનમભાઈ હરીભાઈ તુરી, સાસુ લલિતાબેન, મહેશભાઈ પુનમભાઈ બારોટ, નરેશભાઈ પુનમભાઈ તુરી, રંજનબેને ભેગા મળી દક્ષાબેનને નવી પોરવ્હીલર લાવવા માટે પિયરમાંથી રૂ. ૫ લાખ લઈ આવવા માટે છેલ્લા કેટલાક સમયથી દબાણ કરી સારિરીક અને માનસિક ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું.

સલામત સવારી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પગપાળા યાત્રા કરીને મેઈન રોડ સુધી પહોંચી ખાનગી વાહનોના આધારે મંઝીલ સુધી પહોંચવુ પડે છે. એસ ટી ડેપોમાં અનેકવાર સ્થાનિક ગ્રામજનો દ્વારા આ મામલે રજુઆત કરવામાં આવી છે. આમ છતા ગામડાઓમાં બસ સેવા મળે તેવુ આયોજન કરવામાં આવતુ નથી. એસ ટી ડેપોને સમયાંતરે નવી બસો ફાળવવામાં આવે છે. જયારે નવા રૂટની બસો પણ જરૂરિયાત અને માંગણી મુજબ ચાલુ કરવામાં આવે છે. ત્યારે જિલ્લાના ગામોમાં પણ બસ સેવાની યોગ્ય વ્યવસ્થા ગોઠવાય તેવી માંગ ઉઠવા પામી છે.

મહેતલ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉપર વિચારણા જારી છે. રિપોર્ટમાં રચનાત્મક વિકાસની પ્રક્રિયા દર્શાવવામાં આવી છે. મધ્યસ્થતા પેનલ દ્વારા વધારે સમય માંગવાનો વિરોધ કરી રહેલા પક્ષોના તર્કને ફગાવી દઈને કોર્ટે કહ્યું હતું કે જો મધ્યસ્થી પરિણામ પ્રત્યે આશાવાદી છે તો ૧૫મી ઓગસ્ટનો સમય આપવામાં વાંધો નથી કારણ કે આ મામલો વર્ષોથી પેન્ડીંગ રહેલો છે. કોર્ટે મધ્યસ્થતા પ્રયાસોની માહિતીનો ખુલાસો કરવા સાથે સંબંધિત પક્ષોના વકીલોની માંગને ફગાવી દીધી હતી અને કહ્યું હતું કે આની માહિતી આપી શકાય નહીં. દશકોથી અટવાયેલા અયોધ્યા જમીન વિવાદ કેસને ઉકેલવા માટે સુપ્રીમ કોર્ટે મધ્યસ્થીનો આઠમી માર્ચે આદેશ કર્યો હતો.

કોર્ટે કહ્યુ હતુ કે આના માટે ત્રણ સભ્યોની પેનલની રચના પણ કરવામાં આવી હતી. જેમાં સુપ્રીમ કોર્ટના નિવૃત જજ જસ્ટીસ કલીફુલ્લા, ઉપરાંત આધ્યાત્મિક ગુરૂ શ્રી શ્રી રવિશંકર અને વરિષ્ઠ વકીલ શ્રીરામ પંચુનો સમાવેશ થાય છે. આ પેનલની રચના કરવામાં આવ્યા બાદ હવે સમગ્ર પ્રક્રિયાને ઝડપથી હાથ ધરવામાં આવે તેવી શક્યતા છે. જો કે વિવાદનો ઉકેલ આવવામાં હજુ ખુબ સમય લાગી શકે છે. અગાઉની સુનાવણી વેળા ચીફ જસ્ટીસ રંજન ગોગોઈએ કહ્યુ હતુ કે કોર્ટની બાજ નજર હેઠળ મધ્યસ્થીની કાર્યવાહી બિલકુલ ગુપ્ત રાખવામાં આવશે. મિડિયાને મંજુરી આપવામાં આવશે નહીં. સુપ્રીમ કોર્ટે સુનાવણી કરતા કહ્યુ હતુ કે મધ્યસ્થીની પ્રક્રિયા ઓન મેરા આયોજિત કરવામાં આવે તે જરૂરી છે. મધ્યસ્થતાની પ્રક્રિયા ફૈજાબાદમાં હાથ ધરવામાં આવનાર છે. આનુ નેતૃત્વ જસ્ટીસ (નિવૃત) એફએમ કલીફુલ્લ